
## ગાંધીનગર મને ગમે છે...



મનોજ શુક્લ
પ્રતિનિધિ
જન્મભૂમિ ગ્રુપ ઓફ ન્યુઝ પેપર્સ
ગાંધીનગર

કોઈ પણ શહેર, ગામ કે સ્થળ ગમવા પાછળના અનેક કારણો હોય.એ રીતે ગાંધીનગર ગમવા અંગેના ઢગલાબંધ કારણો છે એમાથી વીણી વીણીને થોડા કારણો અહીં ઉતારવા છે.અહીં મારે સૌ પ્રથમ એવું કહેવું છે કે 'મને ગાંધીનગર ગમે છે' એમ હું નહીં કહું બલકે એવું કહીશ કે "ગાંધીનગર મનેબહુ ગમે છે." ગાંધીનગરમાં ૧૯૮૩ થી ૧૯૮૯ અને ૨૦૦૧ થી આજ દિન સુધી એમ બે તબક્કામાં રહેવાનું થયું છે.એ અગાઉ જે શહેરોનો ઈતિહાસ ૩૦૦-૪૦૦ વર્ષ જુનો છે એવા ભાવનગર અને રાજકોટમાં રહેવાનું બનેલું.જયારે ગાંધીનગરનો ઈતિહાસ તો માત્ર ૭૦ વર્ષનો જ છે તેમ છતાં આ નગર ખૂબ વહાલું લાગે છે.તેનું કારણ એ છે કે આ નગરનો ચહેરો બનતો જોયો છે અને એ ચહેરામા કરૂણા, પ્રેમ, લાગણી, ભાઈચારો,પરસ્પર આદર દેખાય છે એટલે મને ગાંધીનગર બહુ ગમે છે.૧૯૮૩-૮૪ના દિવસો યાદ આવે છે.એ વખતે ગાંધીનગરના તત્કાલીન યુવાનો દિગંત શાસ્ત્રી, સિરીલ ક્રિશ્ચિયન,બિરેન પુરોહિત અને ચેતન શુક્લ વગેરે અતિશય ટાંચા સાધનો અને ભરપૂર આર્થિક મર્યાદા વચ્ચે ગાંધીનગરમાં વસતા અત્યંત ગરીબોને ઉનાળામાં ચંપલ પહેરાવવાનુ કામ કરતા.એ યુવામિત્રો ઘરે ઘરે ફરીને ન વપરાતા ચંપલ-સ્લીપર એકઠા કરીને તેનું સમારકામ અને પોલીશીંગ સ્વખર્ચે કરાવતા અને ગરીબોને વહેંચતા.આ પૈકીના કોઈનું વતન ગાંધીનગર ન હતું (તેમના જન્મ વખતે ગાંધીનગરનું જ અસ્તિત્વ ન હતું) તેમ છતાં આ ધરતી પર ઉછર્યા,ભણ્યા,રમ્યા અને રહ્યાના કારણે તે સૌના હૃદયમાં જે કરુણા જન્મી તેને હું ગાંધીનગરની ધરતીની સકારાત્મક ફળદ્રુપતા ગણું છું અને એટલે મને ગાંધીનગર બહુ ગમે છે.

અમેરિકન સમાજ શાસ્ત્રી કીંગ્સલે ડેવિસે લખેલા પુસ્તક' હ્યુમન સોસાયટી'માં ફેસ ટુ ફેસ સોસાયટી (Face to face soci*y)ની વાત કરવામાં આવી છે.જેમાં એવી વાત છે કે સમાજમા સૌ એકબીજાને ચહેરાથી ઓળખતા હોય.ગાંધીનગર આજ દિન સુધી ફેસ ટુ ફેસ સોસાયટીનું નગર રહ્યું છે. અહીં લગભગ સૌ એકબીજાને ચહેરાથી ઓળખતા હોય તેવી આદર્શ સ્થિતિ છે. આ કારણે શહેરમાં એકબીજા પ્રત્યે આદરભાવ અને પ્રેમ રહ્યા છે તેને કારણે મને ગાંધીનગર બહુ ગમે છે. આપણા મૂર્ધન્ય સાહિત્યકાર અને કવિ ઉમાશંકર જોશી અમદાવાદ વિશે એક ગંભીર વાત ખુબ હળવાશથી કરતા.તેઓ કહેતા કે "અમદાવાદમાં કોઈ પણ નવી પ્રવૃતિ શરૂ કરો તો તમને તેમાં જોડાનારા પચાસ ગાંડા મળી રહે." (અહીં ગાંડાનો અર્થ નિષ્ઠાવાન લોકો એવો કરવાનો છે) આ સત્ય ગાંધીનગરને સીધુ લાગુ પડે છે. અહીં સેવા, સાંસ્કૃતિક, સાહિત્ય કે શિક્ષણની કોઈ પણ નવી પ્રવૃત શરૂ કરો તો તમને એમાં સાથ આપનારાં પચાસ રચનાત્મક કાર્યકરો મળી જ જાય!આ શહેરની આવી સકારાત્મક ફળદ્રુપતાને કારણે મને આ શહેર બહુ ગમે છે.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા એક વાર કહેલું કે આ નગર ઉપર આવી પડતી આફત વખતે આખું ગાંધીનગર એક થઈને

● અનુસંધાન પાના - ૭ પર

# શ્રમજીવી આવાસોમાં ગટરના પાણી ભરાવાથી ગંદકીનો માહોલ સર્જાયો

## ગટરના પાણીની ગંદકીથી રોગચાળો ફેલાવાનો રહીશોમાં ભય

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં નાગરિકોને પાયાની જે સુવિધાઓ મળવી જોઈએ તે મળી રહી નથી. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં નાગરિકોને ઘણી બધી પાયાની સુવિધાઓ મળી રહી નથી. પ્રસરી જવા પામી છે. રહીશો પોતાના ઘરની બારીઓ પણ ખોલી નથી શકતા તેટલી દુર્ગંધ ફેલાય છે. આ સમસ્યા ઘણા સમયથી ત્યાં ને ત્યાં જ છે. ફરિયાદો કરવા છતાં કોઈ નિવારણ કરવામાં આવેલ ઓરડામાં ગુંગળાવવાનો વારો આવતા ત્યાંના રહેવાશી ત્રાસી ગયા છે. ગટરોના ઉભરાતા પાણીના કારણે મોટા મોટા તળાવો ભરાઈ ગયા હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ રહેણાંક માટે જગ્યાની ફાળવણી કરી ત્યારથી આવી અસુવિધાઓ અને મુશ્કેલીઓ જોવા મળી રહી છે. સામાન્ય ગટરની ગંદકીથી અને તેની દુર્ગંધથી કંટાળી જવાય છે જ્યારે આ તો ગંદકીનું તળાવ બની



આ સિવાય વર્ષોથી ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબો માટે આવાસ તૈયાર કરવામાં આવ્યા છે. જીઆઈડીસીની પાછળના વિસ્તારમાં જે શ્રમજીવી આવાસો બનાવવામાં આવ્યા છે. તેમાં રહેતા માણસો માટે રહેવું મુશ્કેલ બની જવા પામ્યું છે. આ મકાનોની પાછળની બાજુ ગટરનું પાણી ભરાઈ જવાના કારણે ખૂબ જ ગંદકી નથી. ગટરોના પાણી ભરાઈ જવાથી એકદમ ગંદકી અને લીલ જામી ગઈ છે. જેના કારણે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત આવી ગઈ છે. તંત્ર દ્વારા છેવાડાના વિસ્તારની આ સમસ્યાનું નિરાકરણ ન લાવતા રહિશો ત્રાહિમામ થઈ ગયા છે. એક તરફ મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની બીક અને બીજી તરફ ગરમીના કારણે બંધ નાના બાળકો બીમારીનો ભોગ પણ બન્યા છે. ગરીબોની આ સમસ્યાને સાંભળવા માટે કોઈ કાન ખોલતુ નથી તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. કોઈ આ રહિશોની મુશ્કેલી સાંભળી રહ્યું નથી. વર્ષોથી ગંદકીનો માહોલ છવાયો છે. આ શ્રમજીવી આવાસની વ્યવસ્થા ઘણા વર્ષોથી થઈ હતી પરંતુ રહેણાંક માટે આપવામાં આવ્યા નહોતા. જ્યારે ચુક્યુ છે શ્વાસમાં માત્ર દુર્ગંધ જ દુર્ગંધ આવતા ત્રાસી ગયેલા રહીશોનો ફરિયાદોનો દોર પણ યથાવત છે. રોડ, રસ્તા, ગટર, પાણીની પાયાની સુવિધાઓ જો મળતી હોય તો રહિશો ફરિયાદો કરશે જ અને તેને સાંભળવા માટે જવાબદાર તંત્રએ તેમની સમસ્યાઓનું નિરાકરણ ચોક્કસથી કરવું જોઈએ.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નોટબુક, પેન્સિલ, પેન અને નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાની માલપુર, છાત્રેશ્વરી તથા લાલપુર પ્રાથમિક શાળાના બાળકોને નોટબુક, પેન્સિલ, પેન તથા નાસ્તાનું વિતરણ કરાયું હતું. જેમાં શ્રી ગજાનન સેવા સમિતિના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેક્ટર-૩-સી ના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો યોજાયો હતો. જેમાં ભાવિ ભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી.

# આનંદો !! ગાંધીનગરમાં ચકલીઓની વસ્તી વધી !

## શહેરમાં પક્ષીપ્રેમીઓમાં ખુશીનો માહોલ !

ગાંધીનગર, તા. ૨૧

આપણી ઝડપથી બદલાતી જતી લાઈફ સ્ટાઈલને લીધે ચકલીઓને જીવનનાં દરેક તબક્કે આહાર, આશ્રય અને સલામતી મળવાનું ખૂબ ઓછું થઈ જતાં સ્વાભાવિક જ તેના અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે. ચકલી વૃક્ષ પર માળો બાંધવાનું પસંદ કરતી નથી. કાગડા તથા અન્ય શિકારી પક્ષીઓથી રક્ષણ મળી શકે તેવા હેતુથી જયાં માનવ વસ્તી હોય તેની આજુબાજુ સલામત જગ્યા શોધીને ચકલી માળો બાંધે છે.



પાટનગરમાં મુનિયા (silver birds - શ્વેત કંઠ ટપુસિયા) મોટી સંખ્યામાં જોવા મળે છે, જેનો દેખાવ નાની ચકલી જેવો હોવાથી લોકો તેને ચકલી સમજી બેસે છે. ગાંધીનગરમાં લગભગ ૧૩૫ જેટલી વિવિધ પ્રજાતિઓના પક્ષીઓ વસવાટ કરે છે. ખાસ કરીને કાબર, દૈયડ તથા કબૂતર મોટી સંખ્યામાં છે. કાગડાની સંખ્યા ઓછી થતી જાય છે. મીનીસ્ટ્રી બંગલા તથા સચિવાલય પરિસરની આસપાસ મોરનો વસવાટ મોટી સંખ્યામાં છે. હાલના સમયમાં ઘર ચકલીની જાતિ વિલુપ્ત થતી જાય છે, ત્યારે ૨૦૧૭ ના વર્ષથી સેકટર-૪ સહીતના ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં ચકલીઓની સંખ્યા ધીમે ધીમે વધતી જતાં પક્ષીપ્રેમીઓમાં આનંદ છવાયો છે.

સેકટર-૪/બી.માં વસતાં ગીતાબેન અશ્વિનભાઈ જાટીયા દંપતી તેમના કોમન પ્લોટમાં જાતે તૈયાર કરેલ અનોખી ડીઝાઈનના ચબૂતરામાં નિયમિત રીતે પક્ષીઓને ચણ નાખે છે. ગીતાબેન તથા અશ્વિનભાઈએ પક્ષીઓ માટે દાણા-પાણી ઉપરાંત રાઈડ્ઝ (હીંચકા)ની પણ વ્યવસ્થા કરી છે. જેમાં વિવિધ પંખીઓ કલશોર કરતાં જોવા એ એક લહાવો છે. જેમાં ચકલી, કાબર, બુલબુલ તથા પોપટને હીંચકા ખાતા જોઈને બાળકો તો ઠીક મોટી વ્યક્તિઓ પણ ખુશ થઈ જાય છે.

અશ્વિનભાઈ જણાવે છે કે ૨૦ મી માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસ world sparrow day ના દિવસે ફકત સોશિયલ મીડીયામાં સ્ટેટસ મુકવાથી કામ ચાલવાનું નથી. માર્ચ માસમાં જ ચકલી ઈંડા મુકતી હોવાથી આપણે ખરેખર કંઈક કરવા માંગતા હોય તો ચકલી માટે પૂંઠા/લાકડા તથા માટીના પક્ષી-ઘર યોગ્ય જગ્યાએ મુકવાની જરૂર છે. તેઓ તેમના નિવાસ સ્થાને ઘણાં વર્ષોથી પૂંઠા તથા લાકડાના પક્ષી-ઘર મુકે છે.

ગીતાબેન જણાવે છે કે એક સમયે ઘરઆંગણાનું અતિ સામાન્ય પક્ષી ગણાતું ચકલી આજે દુર્લભ બની ગઈ છે. જે પંખીડા ઘરઆંગણાની શોભા ગણાતાં અને જેના ચહમહાટથી પરોઢીયે કલરવ અને સંધ્યાકાળે કેકારવ સાંભળવા મળતો તે હવે ફક્ત મોબાઈલ રીંગટોનમાં સાંભળવા મળે છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે, માણસને પંખીઓની જરૂર છે. પંખીઓને માણસની જરૂર નથી. પક્ષીઓ આપણી આસપાસની કીટક સૃષ્ટિનો આહાર કરીને માનવ જાતિને ઉગારે છે. તેમજ પક્ષી તેની ચરક દ્વારા ઠેરઠેર વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પણ બચાવી રહ્યાં છે.

### પક્ષીઘર મુકતી વખતે શી કાળજી લેવી ?

પક્ષીઘર મુકતી વખતે ડાયરેકટ સૂર્યપ્રકાશ કે વરસાદ ન આવે, બિલાડી પહોંચી ન શકે તેની કાળજી રાખવી જરૂરી છે. લટકતાં પક્ષીઘર કરતાં દિવાલમાં ફીકસ હોય તેવું પક્ષીઘર વધારે અનુકુળ રહે છે. પક્ષીઘરનું બારણું (હોલ) દોઢથી બે ઈંચથી વધારે હોય તો કાબર જેવા પક્ષીઓ ચકલીના ઈંડા કે તેના બચ્ચાંને નુકશાન પહોંચાડે છે. બજારમાં મળતાં પ્લાસ્ટીકના પક્ષીઘરનો વિરોધ નથી. પણ પૂંઠા, લાકડા કે માટીના પક્ષીઘર જેટલું તે હિતાવહ નથી.

### ચકલીને બચાવવા આટલું જરૂર કરીએ !

- આપણા ઘરની આસપાસમાં યોગ્ય જગ્યાએ આઈસ્કીમના બોકસ કે અન્ય નકામા પૂંઠાના બોકસમાંથી ''ચકલી ઘર'' બનાવીને લગાવીએ.
- બજારમાં ઉપલબ્ધ લાકડા તથા માટીના ચકલી ઘરનો ઉપયોગ કરી શકાય.
- ચકલી માટે અગાસી બાલ્કની કે યોગ્ય જગ્યાએ પાણીનું કૂંડું અને ખાવા માટે બાજરી ચોખાની કણકી, રોટલીના ટૂકડા, ભાત અચૂક મુકીએ.
- બાળકોમાં નાનપણથી જ કુદરત પ્રત્યે લગાવ થાય તેવા પ્રયત્નો જરૂરથી કરીએ.

### તળેલા ખાદ્ય પદાર્થો પક્ષીઓ માટે હાનિકારક છે

ગાંધીનગરમાં કાગડા-કાબરોનો સંખ્યા વધુ હોવાથી લોકો દ્વારા અજાણતાં જ ગાંઠીયા-સેવ જેવા તળેલા ખાદ્ય પદાર્થો પક્ષીઓને ''ચણ'' તરીકે નાખવામાં આવે છે. જે યોગ્ય નથી. માનવીની માફક તળેલી વસ્તુઓ ખાવાથી પક્ષીઓના પાચનતંત્રને પણ ખુબ જ નુકશાન થતું હોવાથી તળેલા ખાદ્ય પદાર્થો ''ચણ'' તરીકે નહીં નાખવા ગીતાબેન જાટીયાએ અપીલ કરી છે. વિવિધ અનાજના દાણા ઉપરાંત રોટલીનો ભૂકકો, ખીચડી-ભાત પક્ષીઓને આપવા જોઈએ.

# શહેરીજનોની પરિવહન સુવિધામાં ઉમેરો, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૩ નવા સિટી બસ રૂટને લીલી ઝંડી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાના હદ વિસ્તારમાં નાગરિકોની સુવિધાને ધ્યાને લઈને મહાનગરપાલિકા દ્વારા નવા ૩ સિટી બસ રૂટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. શહેરીજનો સલામત, સુરક્ષિત અને કિફાયતી ભાડે મુસાફરી કરી શકે તેવા ઉમદા હેતુંથી ત્રણ નવા રૂટ શરૂ કરવામાં આવ્યા. આ લોકાર્પણ કાર્યક્રમ ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, નાયબ મ્યુનિ. કમિશનર ડૉ. પી.ડી. માનસતા તથા નાયબ મ્યુનિ. કમિશનર કેયૂર જેઠવાની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મહાનગરપાલિકાના નવા વિસ્તારોને આવરી લેતા રૂટનું લોકાર્પણ કરવામાં આવ્યું.

મહાનગરપાલિકા દ્વારા ત્રણ નવા રૂટમાં ૧. પથિકાશ્રમથી માણસા (વાયા ઘ-૫, ઘ-૬, ટાટા ચોકડી, રાંધેજા ચોકડી, બાળવા




ચોકડી), ૨. પથિકાશ્રમથી કલોલ(વાયા ઘ-૫, ઘ-૬, ટાટા ચોકડી, કોલવડા,આદરજ, જલુન્દ) અને ૩. પથિકાશ્રમથી નારદીપુર(વાયા- ઘ-૫, ઘ-૬, પેથાપુર, રાંધેજા ચોકડી, રૂપાલ, સરઢવ)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલે શહેરના વધુમાં વધુ નાગરિકોને આ સુવિધાનો લાભ લેવા અપીલ કરી હતી. આ પ્રસંગે મેયરે જણાવ્યું હતું કે શહેરને પ્રદૂષણ મુક્ત બનાવી રાખવા માટે જાહેર પરિવહનનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય તે ઈચ્છનીય છે. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં અમદાવાદ, વેષ્ણોદેવી, નરોડા, અસારવા સિવિલ, સોલા(હાઈકોર્ટ), વિગેરે વિસ્તારો સુધી પોઈન્ટ ટુ પોઈન્ટ બસની સુવિધાની યોજના પર પણ વિચાર કરવામાં આવી રહેલ છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય ત્રિવેણીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એચ.કે. સભાગૃહમાં સાહિત્ય ત્રિવેણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ સુપ્રસિદ્ધ કવિ હરદ્વાર ગોસ્વામીના ગઝલસંગ્રહ 'લખચોરાશી લાગણી'નું વિમોચન કરતા જણાવ્યું હતું કે 'ઉત્તમ ગઝલસંગ્રહોમાં આ પુસ્તક સ્થાન પામે એવું છે.' ઉત્તરપ્રદેશના પૂર્વ શિક્ષણ મંત્રી અને હિન્દી સાહિત્ય



ભારતીના આંતરરાષ્ટ્રીય પ્રમુખ રવીન્દ્ર શુક્લ તથા જાણીતા શિક્ષણવિદ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અતિથિવિશેષ હતા.

સુપ્રસિદ્ધ કવિ વિનોદ જોશીએ કાવ્ય વિભાગના અધ્યક્ષ હતા તથા રાજેશ વ્યાસ 'મિસ્કીન', તુષાર શુક્લ, કાજલ ઓઝા-વૈદ્ય, અંકિત ત્રિવેદી, રમેશ ચૌહાણ અને રક્ષા શુક્લ કાવ્યપાઠ કર્યો હતો જેનું સંચાલન તેજસ મજમુદારે અને કાવ્યાસ્વાદ પ્રણવ પંડ્યાએ કર્યો હતો. સિંધી અને હિન્દી સાહિત્યના સર્જકોનું સન્માન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિલોડા એ.પી.એમ.સી. ખાતે ટેકાના ભાવે ચણાની ખરીદીનો શુભારંભ

ચિલોડા, તા. ૨૧

ભારત સરકારશ્રીના પી.એસ.એસ. યોજના હેઠળ ટેકાના ભાવે ચણાની ખરીદી ૨૦૨૦-૨૧ ગુજકોમાસોલ ગાંધીનગર, ચિલોડા એ.પી.એમ.સી. ખાતે ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે ૮ ખેડૂતોને નોંધણી પ્રમાણે બોલાવવામાં આવ્યા હતા. જેમાં ૨૦ કિલોના ૧૦૪૬ના નિયતભાવે ખરીદી કરવામાં આવી હતી. ખેડૂતદીઠ ૧૨૫ મણની ખરીદીના નિયમ પ્રમાણે ચણાની ખેતી સૌ પ્રથમ ગાંધીનગર કલોલ અને માણસા વિસ્તારના ખેડૂતોની ખરીદી માટેના કેન્દ્ર ચિલોડા ખાતે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આમ ઓછા ખેત-ખર્ચ અને ઉપજ ફાયદારૂપ હોવાનું ખેડૂતોએ જણાવ્યુ. હવે પ્રાકૃતિક ખેતીને વધુ પ્રાધાન્ય આપવુ જરૂરી બન્યું છે. ત્યારે આજે ચણાની ખરીદી કેન્દ્ર ખાતે જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન લાલભાઈ પટેલ, ગુજકોમાસોલના ડિરેકટર રસિકભાઈ પટેલ, તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન સુરેશભાઈ, વા. ચેરમેન નિરંજભાઈ, તાલુકા સંઘના ડિરેકટર જયમીનભાઈ પટેલ, ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન રમણભાઈ પટેલ, મેનેજર હાર્દિકભાઈ વાઘેલા, સલાહકાર મણીભાઈ પટેલ તથા મંડળીના સભ્ય નટુભાઈ પટેલ પત્રકાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



"વિશ્વ ચકલી દિન નિમિત્તે" શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે પાણી માટે માટીના કુંડા અને હેપ્પી યુથ ક્લબ દ્વારા ચકલીઓના માળા હેપ્પી ચકલી ઘરનું શહેરના ૧૭/૨૨ વિસ્તારમાં જૈન દેરાસર સામે બપોરે ૩ થી સાંજ ૬ વાગ્યા સુધી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળો આવતાં જ મનુષ્યની સાથે સાથે પક્ષીઓમાં પણ પાણીની જરૂરિયાત ઉભી થતી હોય છે, પક્ષીઓની પાણીની તરસ છીપાતી રહે એ હેતુથી દર વર્ષે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ સેવા કાર્યનો મોટી સંખ્યામાં શહેરીજનોએ લાભ લીધો હતો અને બંને સંસ્થાના સ્વયંસેવકોએ પ્રસંશનીય સેવાઓ આપી હતી.